# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૦૨ તા.૧૩-૧૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'ઘરના પાણીનું બજેટ' ઝુંબેશને સહયોગ આપવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/જળપુંજી/૨૦૧૭/૯૯૧૩-૬૫ તા.૧૩-૧૧-૧૭નો પ્રા.શિ. નિયામકશ્રીની કચેરીનો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, અત્રેથી પરિપત્ર નં.૭૮ એ તા.૨૧-૯-૧૭ મુજબ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને જળનું મહત્વ અને તેના ઉપયોગ વિશેનું માર્ગદર્શન તા.૨૬-૯-૧૭ના રોજ બપોરે ૩-૦૦ થી ૫-૦૦ કલાકે બાયસેગ દ્વારા ટેલીકાસ્ટ કરવામાં આવેલ હતું. જેમાં તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ માર્ગદર્શન મેળવેલ હશે.

WASMO દ્વારા કરવામાં આવેલ ટેલીકોન્ફરન્સમાં 'બાળકોની જલપુંજી' કેમ્પેઈન બાબતે આપની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ઘર વપરાશ માટે કેટલા પાણીનો ઉપયોગ કરવામાં આવેલ છે તે બાબતે પ્રોજેકટ તૈયાર કરવા એસાઈમેન્ટ આપવામાં આવેલ હતું. આ અંગેની શાળા કક્ષાએ માહિતી એકત્ર કરી શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને તા.૧૪-૧૧-૧૭ના રોજ બાળદિવસ નિમિત્તે **'વોટર એમ્બેસેડર'** તરીકે જાહેર કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રથમ આવેલ માહિતી અને તેઓના પ્રોજેકટ તા.૧૮-૧૧-૧૭ સુધીમાં જે તે ઝોન ઓફિસે મોકલી આપવાના રહેશે.

તા. ૧૩-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી